Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

૩૦ ઓક્ટોબર, ૨૦૨૦/1650

**શ્રી સંજય શ્રીવાસ્તવ**

પોલીસ કમિશ્નરશ્રી

પોલીસ કમિશ્નરશ્રીની કચેરી

શાહીબાગ

અમદાવાદ.

મહાશય,

**વિષય: અમદાવાદ શહેરની જી.આઇ.ડી.સી. વસાહતોમાં પ્રવેશતા ભારે વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવા તેમજ વાહનો ના પ્રવેશ માટે દાખલ કરવામાં આવેલ પરમીટ સીસ્ટમ નાબૂદ કરવા બાબત.**

આપની કુશળતા ઇચ્છુ છું.

આપશ્રીને જણાવવાનું કે તા.૧૦-૧૦-૨૦૨૦ ના રોજ અમારા પત્ર દ્વારા આપશ્રીને શહેરની અંદર ભારે અને મધ્યમ માલવાહક વાહનોને પ્રવેશ માટેના પ્રતિબંધ દૂર કરવા અંગે વિનંતી કરવામાં આવી હતી.

આ અનુસંધાને વધુમાં જણાવવાનું કે નરોડા જી.આઇ.ડી.સી. તેમજ અન્ય ઔદ્યોગિક વસાહતોમાં રોજના પાંચ હજારથી વધુ ટ્રકોની અવર-જવર રહે છે. પરંતુ તેમના પ્રવેશ ઉપર પ્રતિબંધ હોવાથી વેપાર-ઉદ્યોગને ખૂબજ તકલીફ પડી રહી છે.

આપ વિદિત છો કે લૉકડાઉન પહેલાં અમદાવાદ શહેરમાં ભારે વાહનોનું જે પ્રતિબંધ અસ્તિત્વમાં હતું તેમાં જી.આઇ.ડી.સી.નો સમાવેશ થતો ન હતો, પરંતુ લૉકડાઉન દરમ્યાન પ્રતિબંધમાં આ જી.આઇ.ડી.સી. વસાહતોને ઉમેરવામાં આવ્યું હતું. હવે લૉકડાઉન પછી પણ અવર-જવર ઉપરના પ્રતિબંધ ઉઠાવી લેવા માટે કાર્યવાહી થયેલ નથી અને દિવસ દરમ્યાન પ્રવેશ કરતાં તમામ ભારે વાહનો માટે પરમીટની સીસ્ટમ પણ દાખલ કરવામાં આવેલ છે.

માલવાહક વાહનોના પ્રવેશના પ્રતિબંધને કારણે ઉદ્યોગોને તેમના માલની હેરફેરમાં વિલંબ થાય છે અને મોટું નુકશાન ભોગવવું પડે છે જે હાલની કપરી પરિસ્થિતિમાં અસહ્ય છે. તેથી આપશ્રીને વિનંતી છે કે જી.આઇ.ડી.સી. વસાહતોમાં પ્રવેશ કરતાં વાહનો માટે પ્રતિબંધ તેમજ પરમીટ સીસ્ટમ દૂર કરવા વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**યોગેન્દ્રકુમાર ત્રિવેદી**
**સેક્રેટરી જનરલ**

**નકલ રવાના :**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ટ્રાફીક)

અમદાવાદ.

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer